# આવકવેરા વિભાગ

રજૂ કરે છે

# મોટું પતલું
અને
# પાન કાર્ડની વાર્તા





ટેક્સા મારું નામ છે, ટેક્સા મારું નામ છે.
મારા દેશના તમામ લોકોને પ્રણામ.
હું ઇન્કમ ટેક્સને લગતી બધી વાત મારા હૃદયથી જણાવીશ.
સમયસર તમારો વેરો ભરો અને હું તમારો મિત્ર બની જઈશ.





મોટું પતલું અને પાન કાર્ડની વાર્તા
આવકવેરા નિદેશાલય (જ.સં.પ્ર.વ.પ્ર.) મયૂર ભવન, નવી દિલ્હીની પરિકલ્પના
Bank of Furphuri Nagar
EMBASSY
બુહૂહૂ.. વિચિત્ર છે.. કોઇ બેંક મારું ખાતું ખોલવા તૈયાર નથી..
અને મને મારા વિઝા પણ નથી મળી રહ્યા.. બુહૂહૂ...
દરેક લોકો મારું પાન કાર્ડ માગે છે.
અને તેઓ મારા ત્રણ વર્ષનું આવકવેરા રિટર્ન (આઇટીઆર) પણ માગે છે.


મેં પોસ્ટ કાર્ડ, રાશન કાર્ડ વિશે તો સાંભળ્યું છે, પણ આ પાન કાર્ડ શું છે, પતલું?
મને શું ખબર? સિંગાપોર જવાનું મારું સપનું તૂટી જવાથી હુ પહેલાથી જ નિરાશ અને દુઃખી છું.. બુહૂહૂ..



ટેક્સા, સારું થયું તું આવી ગયો.
જો તુ અમારી સમસ્યાનો ઉકેલ લાવી શકે તો અમે તને ખરેખરની એઆઇ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) માનીશું.
ટેક્સા પાસે તમારા તમામ પ્રશ્નોના ઉત્તર છે.


એટલે, આપણા મોટું પતલું ખરેખર પરેશાન છે.. અને મારી પાસે તમારી પરેશાનીનો ઉકેલ છે.
મને જણાવો, તમને શું પરેશાની છે?
આ પાન કાર્ડ શું છે? બેંકના અધિકારી તે માગી રહ્યા છે.


પાનનો અર્થ પર્મનેન્ટ એકાઉન્ટ નંબર થાય છે. આ તમારી વાસ્તવિક ઓળખ છે.
પણ હું મોટું છું, અને આ પતલું છે. આ અમારી વાસ્તવિક ઓળખ જ છે ને, ટેક્સા?


જુઓ, આ વિશ્વમાં "મોટું" નામના ઘણા બધા લોકો હોઇ શકે છે, ખરું ને? તેથી, અમે તમારી અલગ ઓળખ કેવી રીતે કરી શકીશું?
ઓહ ! મેં તો આ વિચાર્યું ન નહોતું.. મારી વિશેષ ઓળખ શું છે, ટેક્સા?
તે તમારું પાન છે, જે દરેક માટે અનન્ય હોય છે. આવકવેરા વિભાગ અને તમારી બેંક, તમારી આવક અને ટેક્સને લગતી બાબતો માટે આ જ પાનનો ઉપયોગ કરે છે.
પરંતુ તેના લાભ શું છે?
આપણને પાન કાર્ડની જરૂર કેમ છે? તે આપણને કેવી રીતે ઉપયોગી થાય છે?


પાન કાર્ડ વિના તમે તમારું બેંક ખાતું ખોલાવી શકો નહીં. તમે જમીન કે મકાન પણ ખરીદી કે વેચી ન શકો; ન તો ગાડી ખરીદી શકો)
ઓહ! એટલા માટે જ બેંકના કર્મચારીએ મારું બેંક ખાતું ખોલ્યું નહોતું!!!
બિલકુલ, તમારું આવક વેરા રિટર્ન ફાઇલ કરતી વખતે આ નંબર તમારી ઓળખ તરીકે કાર્ય કરે છે. જ્યારે પણ તમે સંપત્તિ, વાહન, દાગિના વગેરે ખરીદો અથવા બેંક સાથે કોઇ લેવડ –દેવડ કરો ત્યારે આ નંબર મારફતે તમારી માહિતી આવકવેરા વિભાગ સુધી પહોંચે છે, કારણ કે આ નંબર માત્ર ને માત્ર તમારો જ છે.
આધાર કાર્ડ પણ આના જેવું જ છે. તો પછી આ બંનેમાં ફરક શું છે?



આધાર તમારી ઓળખનો અનોખો નંબર છે અને પાન આવકવેરા વિભાગ માટે વિશિષ્ટ છે. બંને ફરજિયાત છે અને તેમનું પોતપોતાનું મહત્ત્વ છે.
એ તો સમજાયું. પણ આ આવકવેરા રિટર્ન શું છે?
મને આના લીધે વિઝા ન મળ્યા... બુહૂહૂ
દર વર્ષે તમારી જેટલી આવક હોય તેમાંથી ખર્ચ કાઢી બાકીની કરપાત્ર આવક પર તમારે ટેક્સ ચુકવવાનો હોય છે.
સરકાર અમારી આવક અને ખર્ચ વિશે કેવી રીતે જાણશે?
ટેકનોલોજી હવે આગળ વધી ગઈ છે. જ્યારે પણ તમે કોઇ બેંકિંગ ઉદ્દેશ, ખરીદી, સંપત્તિની ખરીદી અને વેચાણ માટે તમારા પાન કાર્ડનો ઉપયોગ કરો છો ત્યારે દરેક વિગતો સીધી આવકવેરા વિભાગમાં જાય છે. તેથી આ રીતે તેઓ તમારી તમામ લેવડ-દેવડનો ટ્રેક રાખે છે.
હમમમ.. પછી આપણે આવકવેરા રિટર્ન ભરવાની કેમ જરૂર છે?


મારા પ્રિય મિત્રો, આવકવેરા રિટર્ન ભરીને જ તમે એ જાણી શકશો કે તમારી આવક પર ચુકવવા પાત્ર ટેક્સની ચોક્કસ રકમ કેટલી છે.
અને બેંક જે ટીડીએસ કાપે છે તેનું શું?
તમારા આવકવેરા રિટર્નમાં બધુ સ્પષ્ટ હોય છે, તેથી કોઇ મૂંઝવણ રહેતી નથી. તે તમારી વેરાપાત્ર આવક અને ચુકવેલા વેરાને દર્શાવે છે.
એટલે કે સમસસર આવકવેરા રિટર્ન ભરો અને ચિંતામુક્ત રહો.
આના સિવાય બીજું કશું નથી કરવાનું હોતું?


ના મોટું પતલું, તમારે કોઇ પેનલ્ટી ન લાગે તે માટે સમયસર તમારા વેરા ચુકવવાના હોય છે.
એટલે કે દર વર્ષે આપણે આવકવેરા રિટર્ન ભરવા જરૂરી છે?
બિંગો!! હવે તમે સમજ્યા.
આનો અર્થ, આપણી પાસે પાન કાર્ડ હોવું જરૂરી છે, જેથી આવકવેરા વિભાગ આપણી સાચી નાણાકીય વિગતો જાણી શકે.
અને આવકવેરો ચુકવીને દેશ પ્રત્યે આપણે આપણી ફરજ નીભાવવી જોઇએ.
હવે ટેક્સા, મહેરબાની કરીને અમને અમારું પાન કાર્ડ મેળવવામાં મદદ કરો, જેથી અમે અમારો આવકવેરો ભરી શકીએ.



સારું ! હવે ટેક્સાનો કમાલ જોવા તૈયાર થઇ જાઓ.
કોશ મુલો દંડઃ





અહીં જુઓ ! તમારું પાન કાર્ડ. આની સાથે તમે હવે તમારું બેંક ખાતું સરળતાથી ખોલાવી શકો છો.
आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
PATLU
15/01/XXXX
PPNCP94XXX
आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
MOTU
27/05/XXXX
MMNCM55XXX
અને હું આવકવેરા રિટર્ન પણ ફાઇલ કરી શકું છું અને મારા સિંગાપોરના વિઝા પણ મેળવી શકું છું.


ટેક્સા તારો ખૂબ આભાર. પાન કાર્ડ અને આવકવેરા અંગે આપેલા માર્ગદર્શનથી તે અમારું જીવન ખરેખર સરળ બનાવ્યું છે.
અરે ટેક્સા અદભૂત છે!!! ચાલો હું જઉં!!! મારે આવકવેરા વિભાગ વિશે બધાને જણાવવાનું છે અને દરેકનું જ્ઞાન વધારવાનું છે.
તો ટેક્સા ચાલ અમારી સાથે સિંગાપોર અને આપણે ત્યાં ઘણી બધી મજા કરીશું... હા હા હા..
સમાપ્ત

# માર્ગ શોધો

**મોટું પતલુંને તેમનો માર્ગ શોધવામાં મદદ કરો.**





# ચિત્રમાં રંગ પૂરો








# અન્ય આવૃત્તિ

**આ કોમિકમાં, આપણે આપણા દેશ માટે પ્રમાણિકતાથી આવકવેરો ચુકવવો શા માટે મહત્ત્વપૂર્ણ છે તે શીખીશું.**



Azadi Ka Amrit Mahotsav

